રજુ તારીખ : ૧૬/૦૫/૨૦૨૬
દાખલ તારીખ : ૧૬/૦૫/૨૦૨૬
ફેંસલ તારીખ : ૧૯/૦૬/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦૦ ૦૧ ૦૩

**આંક– ૬**

---

**ભાવનગરના મે. ફોર્થ એડી. ડિસ્ટ્રીકટ & સેશન્સ જજ સાહેબની કોર્ટમાં**

---

**ફોજદારી પરચુરણ અરજી નં.૮૬૮/૨૦૨૬**

---

**અરજદાર – મિતલબેન ગોપાલભાઈ મકવાણા,**
ઉ.વ.૩૫, ધંધો–ઘરકામ,
ઠે. હાલ : સીદસર રોડ, લક્ષ્મીનગર સોસાયટી,
રૂદ્ર રેસ્ટોરેન્ટ પાછળ, ભાવનગર.

**વિરુધ્ધ**

**સામાવાળા– શ્રી સરકાર**

---

**બાબત :બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ હેઠળ આગોતરા જામીન અરજી.**

---

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી કે.એમ.મકવાણા.
સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રી વી.જી.માંડલીયા.

---

**:: જજમેન્ટ ::**

**(૧)** આ કામના અરજદાર/આરોપી તર્ફે વેળાવદર ભાલ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૬૬૨૬૦૦૯૬/૨૦૨૬ થી નોંધાયેલ પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના ગુન્હાના કામે આગોતરા જામીન ઉપર મુકત કરવા માટે હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ હેઠળ કરેલ છે.

**(૨)** સદર જામીન અરજી સંદર્ભે સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા વિ.એ.પી.પી.શ્રી તપાસ કરનાર અમલદારના સોગંદનામા સાથે હાજર

થયેલ છે. ત્યારબાદ અરજી અનુસંધાને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તથા અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૩) અરજદાર/આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામે વેળાવદર ભાલ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૬૬૨૬૦૦૯૬/૨૦૨૬ થી નોંધાયેલ પ્રોહી. એકટની કલમ-૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના ગુન્હાની ફરિયાદ નોંધાયેલ છે અને સદર ગુન્હાના કામે પોલીસ અરજદાર/આરોપીને અટક કરે તેવી દહેશત હોવાથી હાલની આ આગોતરા જામીન ઉપર મુકત કરવા માટેની અરજી કરેલ છે. વધુમાં, અરજદાર/આરોપી તર્ફે વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી તદન નિર્દોષ છે અને કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી. અરજદાર/આરોપીને કોઇ અવાંતર હેતુથી ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. પોલીસે લેડીઝ ગાડીમાંથી જતી રહી તેમ કહી પત્નીનું નામ ખોલેલ છે. અરજદાર/આરોપી કોઇ ગેરકાયદેસર ઇંગ્લીશ દારુનો વેપાર ધંધો કરતા નથી. અરજદાર/આરોપીની સદર ગુન્હાના કામે કોઇ કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશનની જરુરીયાત નથી. અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે અને કયાંય નાસી ભાગી જાય તેવા ઇસમ નથી. તેમજ ટ્રાયલ દરમિયાન સહેલાઇથી મળી આવે તેમ છે. અરજદાર/આરોપી પાસેથી કોઇ મુદામાલ ડીસ્કવર કે રીકવર કરવાનો બાકી નથી. અરજદાર/આરોપી સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુન્હાના આક્ષેપો નથી. તપાસના કામે પુરતો સહકાર આપવા તૈયાર છે. અરજદાર/આરોપી કોઇ ગુન્હાહિત ભુતકાળ ધરાવતા નથી. તેમજ નામ. કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની બાંહેધરી આપે છે. અરજદાર/આરોપી સ્ત્રી વર્ગના અને સમાજના પ્રતિષ્ઠીત વ્યકિત છે. જો અરજદાર/આરોપીને સદર ગુન્હાના કામે અટક કરવામાં આવે તો તેઓની પ્રતિષ્ઠાને નુકશાન થાય તેમ છે અને તપાસ કરનાર પોલીસ અધિકારી ગેરકાયદેસર રીતે અરજદાર/આરોપી પાસે કબુલાતો કરાવે તેવી શકયતાઓ રહેલી છે. તે તમામ સંજોગોમાં, અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે. તેમજ સહઆરોપીને જામીન ઉપર

મુકત કરેલ હોય, પેરીટીના ગ્રાઉન્ડ ઉપર જામીન મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) આ કામે સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી સામે વેળાવદર ભાલ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૬૬૨૬૦૦૯૬/૨૦૨૬ થી નોંધાયેલ પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. પોલીસને મળેલ બાતમીના આધારે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે. છ લાખ ઉપરની કિંમતનો મુદ્દામાલ છે. કારમાંથી મુદ્દામાલ મળેલ છે. અરજદાર/આરોપી સામે ગુન્હાની તપાસ ચાલુ છે. અરજદાર/ આરોપી નાસતા ફરે છે અને હાજર થઇ તપાસમાં સહકાર આપતા નથી. અરજદાર/આરોપીની કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની જરુરીયાત છે. જો અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો તપાસને નુકશાન થાય તેમ છે અને આ પ્રકારના ગુન્હાઓ કરવા લોકોને પ્રોત્સાહન મળશે. તેમજ સાક્ષી પુરાવાઓ સાથે ચેડા થવાની શકયતા રહેલી છે. તે તમામ હકીકતો અને સંજોગોમાં અરજદાર/આરોપીની આગોતરા જામીન ઉપર મુકત કરવા માટેની હાલની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૫) અરજી વંચાણે લીધી. ઉભયપક્ષની રજુઆતો ધ્યાને લીધી. આંક–૦૩ ના લીસ્ટથી અરજદાર/આરોપી તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજો ધ્યાને લીધા. આંક–૦૫ થી રજુ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લીધું. આ કામના અરજદાર/આરોપી સામે વેળાવદર ભાલ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૬૬૨૬૦૦૯૬/૨૦૨૬ થી નોંધાયેલ પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા મુખ્યત્વે આ કામના અરજદાર/આરોપીને ખોટી રીતે સદર ગુન્હામાં સંડોવેલ હોવાની અને અરજદાર/આરોપીએ કોઇ ગુન્હો કરેલ નહીં હોવાની રજુઆત કરવામાં આવેલ છે. પરંતુ તે પુરાવાનો વિષય હોય, હાલ જામીન અરજીના તબકકે તે અંગે વિશેષ કોઇ ગુણદોષમાં ચર્ચા કરવાનું ઉચિત જણાતુ નથી. વધુમાં, આ કામે ફરિયાદ હકીકત તથા તપાસ કરનાર

અધિકારીનું સોગંદનામું વંચાણે લેવામાં આવે તો, સદર ગુન્હાના કામના આરોપી ગોપાલભાઈ ભરતભાઈ મકવાણા તથા આક ામના અરજદાર/આરોપી નાઓએ પોતાના કબજા ભોગવટાની કાળા કલરની ટાટા હેરીયર કાર રજી. નં.GJ 06 RC 0073 માં વગર પાસ પરમીટે ભારતીય બનાવટની ઇંગ્લીશ દારુની નાની/મોટી કાંચની/પ્લાસ્ટીકની બોટલ નંગ-૫૬૧ તથા બીયર ટીન નંગ-૪૮ મળી કિંમત રૂા.૨,૧૬,૦૨૪/-નો પ્રોહી મુદ્દામાલ રાખી રેઇડ દરમિયાન ભડભીડ ટોલ નાકા પાસેથી હાજર મળી આવી, અરજદાર/આરોપીએ આ રેઇડની કાર્યવાહી ચાલુ હતી તે દરીમયાન સ્થળ ઉપરથી નજર ચુકવી નાસી જઇ તથા સહઆરોપી કેવલ છનાભાઇ યાદવ, રોહિત જગાભાઈ જમોડ તથા બ્રિજેશ અનિલભાઈ મકવાણાનાઓએ પકડાયેલ દારુનો જથ્થો વેચાણ અર્થે મંગાવી તથા સહઆરોપી અન્નાએ પકડાયેલ દારુનો જથ્થો વેચાણ અર્થે આપી તથા સહઆરોપી સદ્દામ હુશૈનભાઇ જુણેજા સહઆરોપી ગોપાલભાઈ ભરતભાઈ મકવાણાના ભાગીદાર હોય, તેમજ અરજદાર/આરોપીને ભડભીડ ટોલ નાકાથી લઈ જઈ, સદર ગુન્હાહિત કૃત્યમાં એકબીજાને મદદગારી કરેલ હોવાના આક્ષેપો છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઈ છે. વધુમાં, સદર ગુન્હાના કામે હાલ અરજદાર/આરોપી સામે તપાસ ચાલુ છે. અરજદાર/આરોપી નાસતા ફરે છે અને પોલીસ સમક્ષ હાજર થઈ તપાસમાં સહકાર આપતા નથી. જો અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો નાસી ભાગી જાય અને તપાસને નુકશાન થાય અને પુરાવા સાથે ચેડા થાય તથા અરજદાર/આરોપી ફરીથી આ પ્રકારના ગુન્હા કરે તેમ હોવાની વિ.એ.પી.પી. શ્રીની દલીલ હાલના તબકકે નકારી શકાય તેમ નથી. તેમજ જો અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો અરજદાર/આરોપીને ફરી આ પ્રકારના પ્રોહી.ને લગતા ગુન્હા આચરવા પ્રોત્સાહન મળે અને સમાજમાં તેની અવળી અસર પડે તેમ છે. આમ, આ ગુન્હાનો પ્રકાર તથા ગુન્હાની ગંભીરતા તથા આ કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબની તમામ હકીકતો અને સંજોગો તથા આરોપીને જામીન ઉપર મુકત કરતી વખતે ધ્યાને લેવા પાત્ર તમામ પાસાઓ ધ્યાને લેતાં, આ કોર્ટને હાલના તબકકે અરજદાર/આરોપીની તરફેણમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની

કલમ–૪૮૨ અન્વયેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ કરવાનું ન્યાયોચિત જણાતુ નથી. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**:: હુ ક મ ::**

(૧) આ કામના અરજદાર/આરોપીની આગોતરા જામીન ઉપર મુકત કરવા માટેની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આજરોજ તા.૧૯'મી માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.
તારીખ : ૧૯/૦૬/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
ફોર્થ એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.

Bhavik

UI CODE NO.GJ00693